# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
## સુરત
સ્વપ્નસૃષ્ટિ એપાર્ટમેન્ટ નજીક , જીઆવ બુડિયા રોડ ,ભેસ્તાન ,સુરત

Phone:: (0261) 2916003,2916040

E-mail: dietsurat@gmail.com Website: www.dietsurat.org


જા.નં : ડાયેટ/રોલ પ્લે-લોકનૃત્ય/2024/4918-55 તા.6/8/2024

પ્રતિ,

આચાર્યશ્રી,

સરકારી માધ્યમિક શાળા ( તમામ )

કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (તમામ) તથા મોડેલ સ્કુલ (તમામ)

જિ.સુરત.

વિષય : જિલ્લા કક્ષાએ રોલ-પ્લે અને ફોક ડાન્સ યોજવા બાબત.

સંદર્ભ :જીસીઈઆરટી ગાંધીનગર પત્ર ક્રમાંક GCERT/PEC/2024/16613-703.
તા.3/8/2024

શ્રીમાન,

જય ભારત સહ ઉપર્યુક્ત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, એનસીઈઆરટી, નવી દિલ્હીના એનપીઈપી સેલ દ્વારા અને જીસીઈઆરટી, ગાંધીનગરના વસતિ શિક્ષણ એકમ પ્રેરિત જિલ્લા કક્ષાની રોલ-પ્લે અને ફોક ડાન્સ સ્પર્ધાનું આયોજન ફક્ત સરકારી હાઈસ્કૂલ- ધોરણ-૯ અને કેજીબીવીના વિદ્યાર્થીઓ માટે કરવામાં આવ્યું છે. આ અંગેની નીચેની વિગતો ધ્યાને લઈ સ્પર્ધામાં ભાગ લેવા એન્ટ્રી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરતને તા.24/8/2024 સુધીમાં ઇમેલથી dietsurat@gmail.com મોકલવાની રહેશે. ભાગ લેનાર શાળાએ સૌપ્રથમ શાળા કક્ષાએ સ્પર્ધા યોજયા પછી વિજેતા કૃતિને જિલ્લા કક્ષાએ મોલવાની રહેશે,

- **નેશનલ રોલ પ્લે કોમ્પિટિશન**

રોલ પ્લેમાં જિલ્લાની માત્ર સરકારી માધ્યમિક શાળા તથા કેજીબીવીના ધોરણ-૯ ના વિદ્યાર્થીઓ શાળાના યુનિફોર્મમાં ભાગ લઈ શકશે. રોલ પ્લે સ્પર્ધામાં વધુમાં વધુ પાચ વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. આ માટેનો સમય પાંચ થી છ મિનિટનો હોય છે. રોલ પ્લે, રાજયમાં ગુજરાતી અને હિન્દી ભાષામાં હોય છે જયારે રાષ્ટ્રીય કક્ષાએ હિન્દી અને અંગ્રેજી ભાષામાં હોય છે. જુદા જુદા પાંચ વિષયો

(૧) પૌષક આહાર અને સુખાકારી(Nutritious food and well being)

(૨) વ્યક્તિગત સલામતી ( શારીરિક, માનસિક,ભાવનાત્મક તથા જાતીય( personal safety: physical, mental, emotional and sexual)

(૩) મીડિયા લિટરેસી, ગેજેટ અને ઇન્ટરનેટનો સુરક્ષિત ઉપયોગ (safe use of internet, gadgets and media literacy)

(૪)નશીલા દ્રવ્યોનો દૂરુપયોગ, કારણ અને નિવારણ(Substance abuse and its causes and prevention)

(૫) તંદુરસ્ત વિકાસ (Growing Healthy)

પૈકી કોઈ એક વિષય પર રોલ પ્લે કરવાનો રહેશે. વિદ્યાર્થીઓને આવવા-જવા માટેનું બસભાડું, ટીમ દીઠ એક એસ્કોર્ટ ટીચરને સરકારી ધારાધોરણ મુજબ ટીએડીએ અત્રેથી ચૂકવવામાં આવશે. જો ટીમમાં છોકરા-છોકરીઓ બંને હોય તો એક પુરુષ અને એક મહિલા શિક્ષકને આવવાનું રહેશે.

## • નેશનલ ફોક ડાન્સ કોમ્પિટિશન

ફોક ડાન્સ કોમ્પિટિશન માત્ર સરકારી માધ્ય. શાળાઓ માટે જ યોજાય છે. ફોક ડાન્સ ધો.૯ના વિદ્યાર્થીઓ માટે છે. લોકનૃત્યમાં વધુમાં વધુ છ વિદ્યાર્થીઓનું જૂથ ભાગ લઈ શકશે. ગાયન-વાદન માટે બે શિક્ષકોની મદદ લઈ શકાશે. આ માટેનો સમય પાંચ થી છ મિનિટનો રહેશે. આ સ્પર્ધામાં વિષય (થીમ)ને અનુરૂપ ટ્રેડીશનલ ડ્રેસ હોય છે. ફોક ડાન્સ સ્થાનિક બોલી/ભાષામાં થીમ બેઇઝ હોય છે. વસતિ શિક્ષણના મુદ્દાઓને આવરી લઈ લોકનૃત્ય થકી માનવીય કૌશલ્યનો વિકાસ કરવાની સાથે ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરવાનો હેતુ છે. રાષ્ટ્રીય લોકનૃત્ય સ્પર્ધાના વિષય છે –

(1) કુમાર અને કન્યા સમાન તકો. (Equal Opportunity for boys and girls)

(૨) બાળકના વિકાસમાં સંયુક્ત કુટુંબની ભૂમિકા. (Role of joint family in Child's Development)

(૩) પર્યાવરણ સંરક્ષણ. ( Protection of Environment)

(૪) નશીલા દ્રવ્યોનું નિવારણ. (Prevention of substance abuse)

(૫) તરુણાવસ્થા દરમિયાન તંદુરસ્ત સંબંધો. (Healthy Relationships during Adolescence)

આ વિષય-બાબતોને લોકનૃત્યમાં આવરી લેવાના રહેશે. રોલ પ્લે સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ લોકનૃત્ય સ્પર્ધામાં ભાગ લઇ શકશે નહિ. આ સ્પર્ધામાં ભારતીય સંસ્કૃતિ અને તેની પરંપરા લોકબોલીમાં હોઈ માનવીય મુલ્યોના ઘડતરમાં તેની સમસ્યાને વાચા આપવામાં ખુબ જ ઉપયોગી છે. વિદ્યાર્થીનીને આવવા-જવા માટેનું બસ ભાડું, ટીમ દીઠ વધુમાં વધુ બે શિક્ષકોને સરકારી ધારા ધોરણ મુજબ ટીએડીએ અત્રેથી ચૂકવવામાં આવશે. જો ટીમમાં છોકરા છોકરી બન્ને હોય તો એક પુરુષ અને એક મહિલા શિક્ષકને આવાનું રહેશે.

જિલ્લા કક્ષાની સ્પર્ધાઓની <u>સંભવિત</u> તા.૩૧/૦૮/૨૦૨૪, શનિવાર ના રોજ રહેશે અને સવારે ૧૦ વાગ્યે

<u>(ફાઈનલ તારીખ અને સ્થળની જાણ મોબાઈલથી કરવામાં આવશે)</u>

સંપર્ક : ચિરાગ જી સેઇલર, વ્યાખ્યાતા, જિ.શિ.તા. ભવન, સુરત મો. ૯૬૦૧૯૩૯૯૧૬

બીડાણ :- સંદર્ભ દર્શિતપત્ર

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત

પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
સુરત

<u>નકલ જય ભારત સહ જાણ થવા રવાના</u>

1. પ્રોજેક્ટ ઑફિસરશ્રી, વસતિ શિક્ષણ એકમ, જીસીઈઆરટી, ગાંધીનગર
૨. કન્વીનરશ્રી, શાળા વિકાસ સંકુલ, તમામ જિ. સુરત
૩. બીઆરસી કો.ઓર્ડી.શ્રી, તમામ જિ. સુરત

GCERT/PEC/2024/16613-703
Vidhyabhavan-Sector-12
Gandhinagar
Director: (Phone) 079 232 56808
Secretary: 079 23256813
e-mail: gcert12@gmail.com
Web : : www.gcert.gujarat.gov.in
Date: / /2024

03 AUG 2024

પ્રતિ,
પ્રાચાર્યશ્રી,
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ

વિષય:- જિલ્લા કક્ષાએ રોલ પ્લે સ્પર્ધા અને લોકનૃત્ય સ્પર્ધા યોજવા બાબત.
સંદર્ભ:- એન.સી.ઇ.આર.ટી.-ન્યુ દિલ્હીના એન.પી.ઇ.પી. વિભાગનાં એક્શન પ્લાન વર્ષ 2024-25
શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે એન.સી.ઈ.આર.ટી., નવી દિલ્હીના એન.પી.ઈ.પી. વિભાગનાં શૈક્ષણિક વર્ષ 2024-25 માટેનાં એક્શન પ્લાન અનુસાર જિલ્લા કક્ષાએ રોલ પ્લે અને લોકનૃત્ય સ્પર્ધાનું આયોજન કરવા જણાવેલ છે. આ સ્પર્ધા વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારીથી તેમના જીવન કૌશલ્યોના વિકાસ માટે પ્રયોગાત્મક અધ્યયન અનુભવો માટેની તકો પૂરી પાડવા માટે છે. તેમજ સમોવડિયા જૂથમાં રોલ પ્લે અને લોકનૃત્ય સ્પર્ધા જેવી વ્યૂહરચના દ્વારા શાળામાં તારુણ્ય શિક્ષણનું અસરકારક વાતાવરણ નિર્માણ કરવાનો છે. આ કેન્દ્રીયકૃત સ્પર્ધા હોઈ ટોચ અગ્રતા આપશો.

- . રોલ પ્લે અને લોકનૃત્ય સ્પર્ધાના વિષયો નીચે મુજબ છે.

<u>રોલપ્લે સ્પર્ધાના વિષયો:-</u>

1. તંદુરસ્ત વિકાસ (Growing up Healthy)
2. પોષક આહાર અને સુખાકારી.(Nutritious food and well being )
3. વ્યકિતગત સલામતી -શારીરિક, માનસિક, ભાવનાત્મક તથા જાતીય. (Personal safety (physical, mental, emotional and sexual)
4. મીડિયા લીટરેસી, ગેજેટ અને ઈન્ટરનેટના સુરક્ષિત ઉપયોગ.(Safe use of internet, gadgets and media literacy)
5. નશીલા દ્રવ્યોનો દુરુપયોગ, કારણ અને નિવારણ(Substance abuse and its causes and prevention)

<u>લોકનૃત્ય સ્પર્ધાના વિષયો:-</u>

૧. કુમાર અને કન્યા માટે સમાન તકો.(Equal opportunity for boys and girls)
૨. બાળકના વિકાસમાં સંયુક્ત કુટુંબની ભૂમિકા (Role of Joint Family in Child's Development)
૩. પર્યાવરણ સંરક્ષણ(Protection of Environment-Refuse,Reduce,Reuse and Recycle)
૪. નશીલા દ્રવ્યોનું નિવારણ (Prevention of Substance Abuse)
૫. તરુણાવસ્થા દરમિયાન તંદુરસ્ત સંબંધો (Healthy Relationships during Adolescence)

લક્ષ્ય જૂથ:- આ સ્પર્ધા રાજ્યની ફક્ત સરકારી માધ્યમિક શાળાઓના ધોરણ-૯ના વિદ્યાર્થીઓ અને કે.જી.બી.વી.ના વિદ્યાર્થીઓ માટે જ છે.

- રાષ્ટ્રીય રોલપ્લે સ્પર્ધા અને લોકનૃત્ય સ્પર્ધાના સામાન્ય નિયમો અને માર્ગદર્શક બાબતો NCERT ની ગાઇડલાઇન મુજબ રહેશે.જે આ સાથે સામેલ છે.વર્ષ ૨૦૨૪-૨૫ માટે નવીન ગાઇડલાઇન મુજબ સ્પર્ધાનાં તમામ સ્તરે રોકડ ઇનામ ન આપવા જણાવેલ છે.
- જિલ્લા કક્ષાએ ભાગ લેનાર શાળાઓની માહિતી મુજબ સુચિત ખર્ચની વિગત અન્યથા સ્પર્ધા પૂર્ણ થયા બાદ ખર્ચ પત્રક અત્રે મોકલી આપ્યા બાદ ડાયટસને રકમ ફાળવવામાં આવશે.

| ઝોન | યજમાન ડાયટ | રોલ પ્લે અને લોક નૃત્ય સ્પર્ધા માટે ઝોન દીઠ જિલ્લાની વિગત |
|---|---|---|
| ઉત્તર ઝોન | સાબરકાંઠા | અમદાવાદ-ગ્રામ્ય, અમદાવાદ-શહેર, ગાંધીનગર, બનાસકાંઠા, મહેસાણા, પાટણ, સાબરકાંઠા, અરવલ્લી |
| દક્ષિણ ઝોન | સુરત | ભરુચ, નવસારી, સુરત, તાપી, વલસાડ, ડાંગ નર્મદા |
| મધ્ય ઝોન | આણંદ | વડોદરા, છોટાઉદેપુર, દાહોદ, મહીસાગર, , પંચમહાલ, આણંદ, ખેડા |
| સૌરાષ્ટ્ર-૧ | સુરેન્દ્રનગર | સુરેન્દ્રનગર,ભાવનગર,બોટાદ રાજકોટ,મોરબી, કચ્છ |
| સૌરાષ્ટ્ર-૨ | જુનાગઢ | અમરેલી, દેવભૂમી દ્વારકા, જામનગર,જુનાગઢ, ગીરસોમનાથ, પોરબંદર |

- જિલ્લા કક્ષાની રોલ પ્લે અને લોકનૃત્ય સ્પર્ધા આગામી 30 ઓગસ્ટ સુધીમાં પૂર્ણ કરવા વિનંતી છે. આ સ્પર્ધાનો બહોળો પ્રચાર-પ્રસાર થાય તે માટે આગોતરું આયોજન કરશો
- સ્પર્ધા પૂર્ણ થયેથી રોલપ્લે સ્પર્ધા અને લોકનૃત્ય સ્પર્ધામાં પ્રથમ આવેલ કૃતિને સંબંધિત ઝોન અને જીસીઇઆરટીમાં મોકલી આપવાની રહેશે.
- ડાયેટ કક્ષાએથી ડી.ઈ.ઓશ્રી અને ડી.પી.ઈ.ઓશ્રી સાથે સંકલન કરી જિલ્લા કક્ષાની તારીખ નક્કી કરવાની રહેશે. સ્પર્ધાનું આયોજન શનિવારના રોજ કરવાનું રહેશે જેની જી.સી.ઈ.આર.ટી.ના, વસતિ શિક્ષણ એકમને જાણ કરવાની રહેશે.

(ડી.પી.કે.મોઢપટેલ)
નાયબ નિયામક અને પ્રોજેક્ટ ઓફીસર
જીસીઇઆરટી
ગાંધીનગર

બિડાણ :

1.રોલ પ્લે સ્પર્ધા માટેની ગાઇડલાઇન

2. લોકનૃત્ય સ્પર્ધા માટેની ગાઇડલાઇન

નકલ સવિનય રવાના:

માન.નિયામકશ્રી-જીસીઇઆટી,ગાંધીનગર

નકલ રવાના- શાળા કક્ષાએ સુચના અને જરૂરી કાર્યવાહી સારું.

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ, (ડાયેટ મારફત)
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ, (ડાયેટ મારફત)